RESEARCH REVIEW JOURNALS
Volume-1
Issue-10
October-2016

ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com

# ‘છ અક્ષરનું નામ’ માંથી પ્રગટતા માનવીય સંબંધોના આધુનિક આયામ

**પ્રો. ભદ્રેશ એન. બ્રહ્મભટ્ટ**

*ગુજરાતી વિભાગ, એમ.એન.કોલેજ, વિસનગર*

‘આધુનિક’ સંપ્રત્યય એ કાળવાચક, લક્ષણ વાચક અને દૃષ્ટિવાચક એમ ત્રિપરિમાણી અર્થ ધરાવે છે. જ્યારે તેનો એક અર્થ સમય સાથે સંકળાયો ત્યારે કાળવાચક અર્થ પ્રાપ્ત થયો. જ્યારે સ્વરૂપગત પ્રયોગો થવા લાગ્યા ત્યારે તેનો અર્થ લક્ષણવાચક બન્યો. જ્યારે આ જીવન અને જગતને જોવાનો વ્યક્તિનાદૃષ્ટિકોણમાં કે અભિગમમાં બદલાવ આવ્યો ત્યારે તેનો અર્થ દૃષ્ટિવાચક બને છે. લૌકિક વપરાશમાં ‘આધુનિક’ સંજ્ઞાનો અર્થ ‘હમણાનું’, ‘અત્યારનું’, ‘વર્તમાન સમયનું ’, ‘સાંપ્રતકાળનું’, ‘સમકાલીનતાવાળું’, ‘સમ-સામયિક’, ‘અર્વાચીન’, ‘આધુનિક’, ‘અદ્યતન’, ‘અધુનાતન’, ‘નવું’, ‘છેલ્લામાં છેલ્લું ’, ‘પ્રયોગશીલ’, ‘પ્રગતીશીલ’ વગેરે થાય છે. જ્યારે સાહિત્યિક વપરાશમાં ‘આધુનિક’ સંજ્ઞાનો અર્થ ‘નવો વસ્તુબોધ’, ‘નૂતન જીવનદર્શન’ કે ‘મૂલ્યવાચક સંજ્ઞા’ તરીકે થાય છે. જેમ ‘West’ ને ‘ern’ લાગતાં ‘Western’ થયું. ‘East’ ને ‘ern’ લાગતાં ‘Eastern’ થયું તેમ ‘To Mode’ ને ‘ern’ લાગતાં ‘Modern’ થયું.

ઈ.સ. 1880 થી યુરોપમાં આધુનિક આંદોલન શરૂ થયું. ‘રેનેશા’, ઔદ્યોગિક ક્રાંતિ, પુનઃ ધર્મ સુધારણા, વૈજ્ઞાનિક શોધખોળો, વગેરેના કારણે સાંસ્કૃતિક સંદર્ભમાં પરિવર્તનો આવ્યાં, જેની સીધી અસર વિશ્વના સર્જકો, સંશોધકો અને કલાકારોના માનસપટ પર પડી. તેમનો દૃષ્ટિકોણ બદલાયો. કશુક નવું કરવાની સૂજ ખીલી. પરિણામે અસ્તિત્વવાદ, ફિનોમિનોલોજી, અસંગતિવાદ, પ્રતીકવાદ, સુખવાદ જેવા નવા નવા વાદો અસ્તિત્વમાં આવ્યા. નિત્સે, સાર્ત્ર, બોદલેર, વાલેરી, પ્રો.સેમ્યુઅલ બેકેટ, આલ્બેર કામૂ, ફ્રાન્સ કાફકા વગેરેએ નવી વિચાર-સરણીને પોતાના માનસપટ પર ઝીલી, જેમાંથી વિશ્વ લેવલે આધુનિકતાવાદી સાહિત્ય સર્જાયું.

યુરોપમાં શરૂ થયેલું આધુનિકતાવાદી આંદોલન ઈ.સ. 1920 પછી અન્ય દેશોમાં પ્રસર્યું. જેની સીધી અસર ભારત દેશે પણ ઝીલી. દેશમાં થયેલી હલચલો જેવી કે સ્વરાજ પ્રાપ્તિની ઘટના, 1938 થી 1945નું બીજુ વિશ્વયુધ્ધ, દેશના ભાગલાં, કોમી તોફાનો, ગાંધીજીનું મૃત્યુ, ગરીબી, બેકારી, ભૂખમરો, ચોરી-લૂંટફાટ, પ્રજાના જાનમાલની હાલાકી તેમજ રાજકીય-આર્થિક-સામાજિક-ધાર્મિક અસરોથી ભારતીય સાહિત્યમાં બદલાવ આવ્યો. જેની સીધી અસર ગુજરાતી સર્જકો અને સાહિત્યે ઝીલી. જેમાંથી આધુનિકતાવાદી સાહિત્યનો પ્રાદુર્ભાવ થયો.

ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં ઈ.સ. 1955-57 થી 1986 સુધીના ચાર દાયકાના સમયગાળાને આધુનિક યુગ તરીકે ગણાવી શકાય. આ સમયગાળામાં સર્જકો આધુનિકતાવાદી વલણો લઈને આવે છે. સુરેશ જોશી, લાભશંકર ઠાકર, રાવજી પટેલ – મણિલાલ દેસાઈ, સિતાંશુ યશશ્ચંદ્ર, ચંદ્રકાન્ત શેઠ, આદિલ – ચિનુ મોદી, રાજેન્દ્ર શુક્લ, ગુલામ મોહમ્મદ શેખ, ભગવતીકુમાર શર્મા, જગદીશ જોશી, હરિકૃષ્ણ પાઠક, વિપિન પરીખ, પન્ના નાયક, સ્વરૂપ ધ્રુવ, જયેન્દ્ર શેખડીવાલા, મણિલાલ હ. પટેલ આદિ સર્જકો પોતાના અભિગમ, અનુભૂતિ અને અભિવ્યક્તિમાં અગાઉના પંડિત-ગાંધી કે અનુ ગાંધી યુગથી બદલાયેલું ભાવ વિશ્વ લઈને આવે છે. આ પ્રકારનું નવું ભાવ વિશ્વ લઈને આવતા કવિઓમાં બે ગીત કવિ રમેશ પારેખ અને અનિલ જોશી પણ બાકાત રહી શક્યા નથી એ નોંધવું જોઈએ.

રમેશ પારેખ ઉપર ‘ગીત કવિ’ નું લેબલ લાગેલું છે. પરંતુ આધુનિકતાનો ઓડકાર આ ગીત કવિએ અચૂક ખાધો છે. તેઓ રાવજીના કેટલેક અંશે વારસદાર ગણાય છે. તેઓ રાવજીની કવિતાની અસર કવિતામાં વર્ણવતાં લખે છે

‘કવિ, કવિ હું લયનો કામાતુર રાજવી,
અને મને તું વિષકન્યાનો લીલોઘમ્મર ભરડો.’[1]

રમેશ પારેખનો સમયગાળો ઈ.સ. 1940 થી 2006 સુધીનો છે. વતન અમરેલી. અભ્યાસએસ.એસ.સી. સુધી. અમરેલી છોડીને રાજકોટમાં વસવાટ કર્યો. તેમણે બાર કાવ્યસંગ્રહો આપ્યા છે. ‘ક્યાં’ (1970), ‘ખડિંગ’ (1979), ‘ત્વ’ (1980), ‘સનનન’ (1981), ‘ખમ્મા આલા બાપુને’ (1985), ‘મીરાં સામે પાર’ (1986), ‘વિતાન સુદ બીજ’ (1989), ‘છ અક્ષરનું નામ’ (1992, 1994- ર. પા. ની સમગ્ર કવિતાનો સંગ્રહ), ‘લે તિમિર સૂર્ય ’ (1995), ‘છાતીમાં બારસાખ’ (1998), ‘ચશ્માના કાચ પર ’ (1999), ‘સ્વાગત પર્વ ’ (2002).

રમેશ પારેખને 2000 નો શ્રેષ્ઠ કવિતા માટેનો નરસિંહ મહેતા એવોર્ડ, રણજિતરામ સુવર્ણ ચંદ્રક, ધનજી કાનજી ગાંધી સુવર્ણ ચંદ્રક, કુમાર ચંદ્રક, નર્મદ સુવર્ણ ચંદ્રક, ગિજુભાઈ બધેકા સુવર્ણ ચંદ્રક, કલાગૌરવ સહિત અનેક સન્માનો પ્રાપ્ત થયાં છે.

---

[1] રાવજીનો કાવ્યસંગ્રહ વાંચતાં પૃ. 21, છ અક્ષરનું નામ રમેશ પારેખ

© RRIJM 2015, All Rights Reserved 

નોંધપાત્ર બાબત એ છે કે, સદીઓ પહેલાં પાટણમાં આચાર્ય હેમચન્દ્રાચાર્ય કૃત વ્યાકરણગ્રંથ 'સિધ્ધહેમ' ની શોભાયાત્રા નીકળી હતી. પરંતુ તે તો રાજા દ્વારા યોજાયેલી ; જ્યારે અહીં તો પ્રથમવાર જ અમરેલીની પ્રજાએ 'છ અક્ષરનું નામ 'કાવ્યસંગ્રહની શોભાયાત્રા કાઢી હતી ;જે ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં બનેલી પ્રથમ અને અદ્વિતીય ઘટના છે.

રમેશ પારેખની કવિતામાં માનવ સંબંધો માતબર છે. પોતાનો સોનલ સાથેનો સંબંધ, સોનલનો અન્ય સાથેનો સંબંધ, અન્યનો અન્યો સાથેનો સંબંધતેમની કવિતામાં એક યા બીજી રીતે આવે છે. બોલચાલની ભાષામાં સહજ રીતે આવતા અંગ્રેજી શબ્દો માનવ-સંબંધો સ્થાપિત કરે છે. જેમ કે,

"શું કહ્યું, સમજ્યો નહી, સોરી સનમ !
મારા મનમાં ચાલે છે હમણાં રમેશ"[2]

શિયાળાની ઋતુ જ એવી હોય છે કે તેમાં માનવોનો સમૂહ તાપણું કરીને સાથે બેઠો હોય. એમાં ના કોઈ સામાજિક રીતરિવાજ છે કે ના કોઈ સામાજિક રૂઢિ કે કોઈ ફરજનો ભાગ. માત્ર શારીરિક જરૂરિયાત સમૂહને ભેગો કરે તેના માટે રમેશ પારેખ શું કહે છે!:

"પોતાની કડકડતી એકલતા લઈને સૌ બેઠા છે
ટોળાને તાપણે"[3]

કવિએ વિરોધાભાસ કેવો રચ્યો છે !'એકલતા'ને 'ટોળા'ને સાથે જોડીને ! માનવ સંબંધોમાં દાદા અને દાદીનું પાત્ર હંમેશા નિર્દંશી અને ગમતું પાત્ર હોય છે. અને, એમાંય આ બન્ને પાત્રોના મુખેથી અમર થઈ ગયેલી 'પરી' અને પરીના દેશની વાર્તા માણસ 8માત્રને યાદ રહેતી હોય છે.કવિ પણ આવી જ અનુભૂતિમાંથી પસાર થયા છે :

"દાદાજી કહેતા એ વાત મારી સાંજના દીવે અજવાસને વેળા
મિંચાતી આંખ મારી સાત સાત દરિયાના ઘૂઘવાટો પાર થઈ ખૂલે
પરિઓનો દેશ મારાં ચરણોની આસપાસ હરિયાળા ઘાસમાં ઝૂલે"[4]

માનવ સંબંધો એવા અકબંધ હોય છે કે એક નહીં, બે નહીં પણ ભવોભવની સગાઈ તેમાં સેવાતી હોય છે. પછી તે કોઈપણ સ્વરૂપે હોય :

"ઓલા અવતારે સોનલ, તમે હતાં નાગણી
ને અમે રે જલમ્યા'તા ઝામણ નાગ રે હોજી
તમને ફેણ્યું ના છાંયે દેતા પોઢણા હોજી"[5]

માનવ સંબંધોમાં ટકાઉપણું પરસ્પરની લાગણી અને ભાવનાથી હોય છે. એક વ્યક્તિ બીજી વ્યક્તિથી જોડાય છે માત્ર પ્રેમ તત્વથી. જીવ સાથે શિવનું અને શિવ સાથે જીવનું જોડાણ માત્ર પ્રેમ તત્વથી જ હોય છે. કોઈપણ કઠિન અને વિપરિત સ્થિતિમાં પ્રેમ જ બન્ને વ્યક્તિને ટકાવી રાખે છે. આવી જ કંઈક કઠિન સ્થિતિની અનુભૂતિ કવિ દ્વારા અહીં વ્યક્ત થઈ છે :

"સુક્કો દુકાળ તારા દેશમાં છતાંય
અરે, સુક્કો દુકાળ મારા દેશમાં છતાંય
કૈંક લીલુંચટ્ટાક કૈંક લીલું ચટ્ટાક કૈંક લીલું ચટ્ટાક તારી આંખમાં
કૈંક લીલું ચટ્ટાક મારી આંખમાં"[6]

માણસ માણસનો મિત્ર છે તો માણસ જ માણસનો શત્રુ પણ છે. આટલી વાત કહેવા માટે રમેશ પારેખગઝલના સ્વરૂપનો કેવો ઉપયોગ કરે છે ! જૂઓ :

"બે માણસોની વચ્ચે પરિચય છે કેટલો
પથ્થરની સાથે કાચના સંબંધ જેટલો"[7]

માનવ સંબંધોમાં સૌથી વધુ આકર્ષણ, વિજાતીય હોય છે અને તેમાંય વળી પુખ્ત વયના ઉંબરે ઊભેલ છોકરા-છોકરીનું આકર્ષણ તો વળી કંઈક ઓર જ હોય છે. કવિ કહે છે :

"કોઈ છોકરીની છાતીમાં ઓચિંતુ ફુલ ઊગી નીકળે તો ત્યારે તે શું કરે ?
કોઈ છોકરાના હોઠોમાં સીટીનો હીંચકો હીંચકવા લાગે એવું કરે . . .?"

પ્રશ્નાર્થ શૈલીમાં વાત રજૂ કરીને છોકરી-છોકરાની પુખ્ત વયે થતા શારીરિક ફેરફારો અત્રે રજૂ કર્યા છે ; અને આ ફેરફારોને પણ સૌંદર્યથી મઢ્યા છે એ કવિની વિશેષતા છે.

મા-દિકરાનો કે મા-દિકરીનો સંબંધ અન્ય માનવ સંબંધો કરતાં અલાયદો છે.જે આ સંબંધથી અલિપ્ત છે તેની અવદશા છે કવિ કહે છે :

[2](છ અક્ષરનું નામ ર.પા. પૃ. 44)
[3](છ અક્ષરનું નામ ર. પા. પૃ. – 67)
[4](એજન)
[5](છ અક્ષરનું નામ ૨. પા. પૃ. – 71)
[6](છ અક્ષરનું નામ ૨. પા. પૃ. – 73)
[7](છ અક્ષરનું નામ ૨. પા. પૃ. – 141)

"જો દરિયો મારી મા હોત તો મારે પણ મા હોત"8
"માતામાં પગ બોળીને છબછબિયાં ભૂસ્કો ડૂબકી
ભૂસ્કો ડૂબકી ભૂસ્કો લ્હેર
ભુલામણી વચ્ચેથી માની સ્તનઝરતી આંગળીએ
વળગી પાછો આવત ઘેર"[9]

***

"મારું કાવ્ય એ તો
મેં વિશ્વના હોઠ પર કરેલું ચુંબન છે
વિશ્વ મારી પ્રિયતમા છે."[10]

કવિએ માનવ મહેરામણનું ચિત્રણ તો મન પાંચમના મેળામાં કર્યું છે.

"આ મનપાંચમના મેળામાં સૌ જાત લઈને આવ્યા છે.
કોઈ આવ્યા છે સપનું લઈને, કોઈ રાત લઈને આવ્યા છે."[11]

દેશની અવદશા કરનારાઓ જાણે કે પોતાની માતાને જ રંજાડી રહ્યા છે. ભારત માતાનો ચહેરો કુરૂપ કરવાના નિષ્ફળ પ્રયત્નો કરે છે.જેમ કે,

"મા હંમેશા સુંદર હોય છે
તેના નાલાયક સંતાનોએ
અંદરો અંદર યુધ્ધો લડી લડીને
યુગે યુગે માને રંજાડી છે, ઊઝરડી છે રૂંવેરૂંવે
અનેકવાર છુંદી નાખ્યો છે માનો ચહેરો બોમ્બ વરસાવીને
કોન્સન્ટ્રેશન કેમ્પોમાં આહત કરી છે એની દૂધભરી છાતીને
અનેકવાર પોતાના કાળા હાથ વડે લપેડ્યુ છે માના રૂપને
છતાંયે મા સુંદર છે
કેમ કે, મા સત્ય છે.
અને સત્ય કદાપી મેલું થતુ નથી કે મરતું નથી."[12]

આમ રમેશ પારેખની કવિતામાં માનવસંબંધો એકાધિક પથરાયેલા પડ્યા છે. પ્રિય-પ્રિયતમા સ્વરૂપે, દાદા-દિકરી કે દિકરા સ્વરૂપે, મિત્ર-મિત્ર સ્વરૂપે કે પછી માતા-સંતાન સ્વરૂપે અહીં જાણીતા અને જાગતા જોવા મળે છે.

વ્યક્તિ-વ્યક્તિ મટી સમસ્ટીનું રૂપ ધારણ કરે છે. દુનિયા નાની થતી જાય છે. વ્યક્તિ-વ્યક્તિની ખૂબ નિકટ આવતો જાય છે. સૃષ્ટિ સાંકળી થતી જાય છે. આમ માનવસંબંધો વિકસતાને વિસ્તરતા જાય છે. જેનું ઉદાહરણ છે રમેશ પારેખની કવિતા :

"ચીંધ આખું વિશ્વ તું એને, રમેશ
જેને સરનામું ર.પા.નું જોઈએ"
"દોસ્તોની છાતીઓનું નામ – બારમાસી વસંત !
હંમેશ ત્યાં જ અમારો પડાવ વરણાગી"[13]

[8](એજન)
[9](છ અક્ષરનું નામ 2. પા. પૃ. – 184-85)
[10](એજન)
[11](છ અક્ષરનું નામ 2. પા. પૃ. – 288)
[12](છ અક્ષરનું નામ 2. પા. પૃ. – 614)
[13](એજન)